
## ચાલો મનાવીએ, પરાક્રમી જવાનોને
## ૨૧ તોપોની સલામીનું પર્વ

# યુદ્ધ '૭૧



૧૯૭૫માં બનેલી 'આક્રમણ' ફિલ્મનું કિશારકુમારના કંઠે ગવાયેલું અવિસ્મરણીય ગીત છે: 'દેખો વીર જવાનો અપને ખૂન પે યે ઈલજામ ન આયે, માં ના કહે કે મેરે બેટે વખ્ત પડા તો કામ ન આયે.'

૧૯૭૧માં ભારતીય જવાનોને વતનપરસ્તીની અને ફરજપરસ્તીની આવી રીતે યાદ અપાવવાની જરૂર ન હતી. ડિસેમ્બર ૩, ૧૯૭૧ની સાંજે રણહાક પડી કે તરત બહાદુરોએ શત્રુનાશ માટે બાંયો ચડાવી અને ૧૩મા દિવસે આક્રમણખોરોને પરાસ્ત કરી શરણગતિનો પત્ર લખી આપવા મજબૂર કરી છે.

વિજયદિનની ૫૦ મી જયંતિએ આજે તે રાષ્ટ્રપૂતોનું પાવન સ્મરણ કરીએ. યુદ્ધમાં જેઓ જખમી થયા, જીવ પડીકે બાંધી જેઓ લડ્યા અને જેમણે ભારતમાતાની સુરક્ષાના કાજે જાન ખોયા એ જવાનો ૨૧ તોપોની સલામીના હક્કદાર છે. આજથી શરૂ થતી રોજેરોજના અહેવાલોની શ્રેણીની PDF આપ દરેક વ્યક્તિ પોતાના ૨૧ સ્નેહી-મિત્રો-સગાંને મોકલો, જેથી વધુમાં વધુ લોકો રાષ્ટ્રપૂતોના પરાક્રમો અંગે વાકેફ બને. નક્કી માનો કે ૨૧ PDF મોકલવાનું આપનું કાર્ય એ શૌર્યવાન જવાનોને પ્રતીકાત્મક રીતે અપાયેલી ૨૧ તોપોની સલામી બની રહેશે કે જેમાંના ઘણા ખરા આજે હયાત નથી.





# તારીખ ડિસેમ્બર ૧૨, ૧૯૭૧:
# આ તારીખે ૫૦ વર્ષ પહેલાં શું બન્યું?

ભારત-પાક યુદ્ધનાં વાદળો ઘેરાતાં હોવાનું સ્પષ્ટ થયા પછી વડા પ્રધાન ઇન્દિરા ગાંધીએ ઑક્ટોબર, ૧૯૭૧ દરમ્યાન બાંગલાદેશની પરિસ્થિતિ સમજાવવા માટે કેટલાક યુરોપી દેશો ઉપરાંત અમેરિકાની મુલાકાત લીધી. પ્રવાસ લાંબો હોવાને લીધે એટલો સમય ભારતમાં તેમની ગેરહાજરી રહેવાની હતી. લશ્કરની ત્રણેય પાંખોના સેનાપતિઓ શિષ્ટાચાર અનુસાર દિલ્લીના પાલમ ઍરપૉર્ટ પર તેમને વિદાય આપવા ગયા ત્યારે નૌકાસેનાપતિ ઍડમિરલ સરદારીલાલ નંદા તેમને પૂછ્યા વગર ન રહી શક્યાઃ 'What will happen if the balloon goes up during your absence?' ઇન્દિરાએ સહેજ મલકીને જવાબ આપ્યોઃ 'With all three of you here I m not worried.'

વડા પ્રધાને ઘણા દેશોના વડા પ્રધાનો તેમજ પ્રમુખો જોડે ચર્ચા કરી અને બાંગલાદેશમાં પાકિસ્તાન સૈન્ય દ્વારા ચલાવાતા જનસંહારનો પૂરો ચિતાર આપ્યો. પ્રતિભાવ સકારાત્મક મળે એવી તેમણે આશા રાખી નહોતી અને મળ્યો પણ નહિ. બ્રિટને સરમુખત્યાર જનરલ યાહ્યા ખાનનો પક્ષ લીધો. અમેરિકાના પ્રમુખ રિચાર્ડ નિક્સન સાથેનો વાર્તાલાપ તો વ્યર્થ જ રહ્યો. ઊલટું, ઇન્દિરાની વ્યાજબી રજૂઆતે ભારતદ્વેષી નિક્સનના મગજને વધારે તપાવી મૂક્યું. ૫ શ્રિમી દેશો પૂરતો વડા પ્રધાનનો પ્રવાસ તદ્દન વ્યર્થ રહ્યો, રશિયાની તેમણે લીધેલી મુલાકાતે એ બધી તમામ વિફળ ટોનું જો કે સાટું વાળી આપ્યું. સોવિયેત રશિયા ભારતના પડખે રહેવા તૈયાર હતું. આ સુખદ અનુભવ સાથે ઇન્દિરા સ્વદેશ પાછાં ફર્યાં.



રાજદ્વારી શિષ્ટાચાર / diplomatic protocol પૂરતાં પ્રમુખ રિચાર્ડ નિક્સન પ્રેસ ફોટોગ્રાફરો ખાતર ઇન્દિરા ગાંધીની સાથે ઊભા, પણ ચહેરા પર અણગમો છવાયેલો હતો.

■

ડિસેમ્બર ૧૨ ના રોજ ઍડમિરલ નંદાને વડા પ્રધાનની ઑફિસનું કહેણ આવ્યું. ઍડમિરલે તાત્કાલીક તેમની સમક્ષ હાજર થવાનું હતું. આ 'સમન્સ' પાછળનું કારણ નંદા જાણતા હતા. ઇન્દિરાની જાણ બહાર તો હોય જ નહિ. વૉશિંગ્ટનથી ભારતના રાજદૂત એલ. કે. ઝાનો સાંકેતિક મેસેજ આવેલો કે પ્રમુખ નિક્સન અમેરિકી નૌકાદળના ૭મા કાફલાને પાકિસ્તાનની કુમકે રવાના કરી રહ્યા હતા. નૌકાકાફલો બંગાળના ઉપસાગર તરફ આગળ વધી રહ્યો હતો.

ઍડમિરલ નંદાએ તેમના પુસ્તકમાં વડા પ્રધાન સાથેની એ મુલાકાતનું કરેલું વર્ણનઃ 'The PM asked me whether I had heard the news that the US Seventh Fleet was coming into the Bay of Bangal. I answered in the positive. She asked me: 'What are you going to do?' I replied: 'Do you think America wants to go to war with India?' She asked: 'Why do you say that?' I responded: 'Madam, if they attack our ships, it would be an act of war.' She then asked what I thought needs to be done. I replied: 'Madam, they are trying to pressurize us and we should stand firm. I am ordering

captains of our ships that if they come across American ships they should exchange identities and invite them for a drink.' She just laughed. I then instructed Admiral Krishnan to inform the ships accordingly.'

■

ડિસેમ્બર ૧૨મીના દિવસે પાકિસ્તાનનાં વધુ ત્રણ વિમાનો તોડી પાડવામાં આવ્યાં, એટલે તેણે યુદ્ધમાં ગુમાવેલા ફાઇટર-બોમ્બર્સની સંખ્યા ૮૦ સુધી પહોંચી. પાકિસ્તાને ભારતનાં વધુ બે વિમાનો તોડી પાડ્યાં, એટલે ભારતીય વાયુસેનાએ ભોગવેલા નુકસાનનો આંકડો દિવસના અંતે ૩૯ હતો.



*લેફ્ટનન્ટ-જનરલ જે. એફ. આર. જેકબ ઈસ્ટર્ન કમાન્ડના સેનાપતિ હતા. ધર્મે યહૂદી હતા.*

ઈસ્ટર્ન કમાન્ડના ચીફ ઑફ સ્ટાફ લેફ્ટનન્ટ-જનરલ જે. એફ. આર. જેકબે એ સવારે જાહેરાત કરી કે ભારતે દુશ્મનોની હરોળ પાછળ paratroopers / છત્રીસૈનિકોને ઊતાર્યા હતા અને સંખ્યા બહુ મોટી હતી. આ ખબર જનરલ નિયાઝીના સૈનિકોએ જાણ્યા કે તરત જાન બચાવવા દક્ષિણ તરફ ભાગદોડ મચી. ભારતીય વાયુસેનાએ તેમને છટકી જતા રોકવા ફરી ફરીને રોકેટમારા કર્યા. બબ્બેની જોડીમાં MiG-21, Gnat ને તથા HF-24 મારુત હુમલા માટે આવતાં રહ્યાં.

રાજધાની ઢાકામાં હજી UNO / સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાના અમુક કર્મચારીઓ ફસાયેલા હતા. આમાં બ્રિટિશ પણ હતા. UNO દ્વારા તથા બ્રિટિશ સરકાર દ્વારા પણ નવી દિલ્લીને અરજ કરવામાં આવી કે તે ૨૪ કલાક પૂરતા આકાશી હુમલાઓને અટકાવી દે. ભારતે સાંજે 6:00 વાગ્યે ઍર ઍટેક પૂરતો સ્વેચ્છાએ કર્ફ્યૂનો અમલ શરૂ કર્યો, જે અંતરાલ બીજે દિવસે સાંજે 6:00 વાગ્યે પૂરો થવાનો હતો.

■

ભારતીય વાયુસેનાએ સ્વેચ્છાએ પોતાને લાગુ પાડેલી સંચારબંધી ૨૪ કલાક માટે જાળવી, પણ બીજી તરફ પાક વલણ સાવ જુદું હતું. કલકત્તાથી (કોલકાતાથી) બ્રિટિશ તથા કેનેડિયન વિમાનો ઢાકા જવા ઉપડ્યાં. ઘણું કરીને સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાએ ચાર્ટર પર લીધાં હતાં. વિમાનો ઢાકા નજીક પહોંચ્યાં ત્યારે ઍર ટ્રાફિક કન્ટ્રોલે તેમને લેન્ડિંગ માટે પરવાનગી ન આપી. બહાનું એ કાઢ્યું કે વિમાનોએ શત્રુ દેશના વિમાનીમથક પરથી ટેક-ઑફ કર્યું હતું. બહાનું ખરેખર બહાનું જ હતું. હવાઈ ઍટેક કરવામાં ભારતે ૨૪ કલાકનો જે અંતરાલ પાડ્યો તેનો લાભ મેળવી પાક વાયુસેના તેના અગાઉ નુકસાન પામેલા રન-વેનું સમારકામ કરી રહી હતી. રિપેરિંગનું કાર્ય ચાલુ હોવાને લીધે તેણે કેનેડિયન તેમજ બ્રિટિશ પ્લેનને લેન્ડિંગ કરવા નહોતાં દીધાં. ઢાકા ખાતેના બ્રિટિશ પ્રતિનિધિએ પાકિસ્તાની સત્તાવાળાઓને મળી વિનંતી કરી કે તેઓ બે પ્લેનને કમ સે કમ થોડી મિનિટો પૂરતી પણ અનુમતિ દે. જવાબ હકારમાં મળ્યો. આમ છતાં પહેલું વિમાન ઢાકાના આકાશી ક્ષેત્રમાં પહોંચ્યું કે તરત કન્ટ્રોલ ટાવરે તેને પાછા વળી જવા સૂચના આપી. આ બનાવને લગતો BBC રેડિઓએ જે રિપોર્ટ પ્રસારિત કર્યો તેના અનુસાર બ્રિટનના વિદેશ મંત્રાલયે તે પછી લંડન ખાતેના પાકિસ્તાની હાઈ કમિશ્નરને બોલાવ્યો. હાઈ કમિશ્નરે ફરી વખત એ જ બહાનું કાઢ્યું કે વિમાનોએ શત્રુ દેશ ભારતમાંથી ટેક-ઑફ કર્યું હતું. સદ્‌ભાગ્યે એ મુદ્દા પર નમતું જોખવાનું તેણે વચન આપ્યું, પણ સમસ્યાનો અંત તો ત્યારે જ આવ્યો કે જ્યારે પાક વાયુસેના ઢાકાના રન-વેનું સમારકામ પૂરું કરી ચૂકી હતી.

પશ્ચિમ પાકિસ્તાનમાં બ્રિટનને એવો ડખો નડ્યો નહિ. ભારતે ૧૨મી ડિસેમ્બરના રોજ સવારે 8:00 થી બપોરે 12:00 સુધી આકાશી બોમ્બમારો મોકૂફ રાખ્યો, જે દરમ્યાન 5 બ્રિટિશ વિમાનોને UNO ના કર્મચારીઓ ઉપરાંત બ્રિટિશ દૂતાવાસના અમુક જણા સાથે રવાના થવાનો પૂરતો સમય મળ્યો.

*બાંગલાદેશમાં ભારતીય વાયુસેનાએ ઍર ડિફેન્સ માટે તથા ગ્રાઉન્ડ ઍટેક માટે રાખેલા MiG-21 વિમાનોએ ચાર ચારની ટુકડીમાં હુમલા કર્યા.*



■

૧૯૭૧ના યુદ્ધનું ફોકસ ભલે બાંગલાદેશ, પરંતુ તેના પર ગહેરી અસર કરે તેવા અન્ય મોરચાઓ પણ આપણા


પ્રગટ થઇ ગયું છે....
યુદ્ધ '૭૧
ભારત-પાક સંગ્રામની સિલસિલાબંધ સત્યકથા
■ નગેન્દ્ર વિજય
કુલ ૨૩ પ્રકરણોની સળંગ યુદ્ધકથા ●
સંખ્યાબંધ ચિત્રો, નકશા તથા આકૃતિઓ ●
શસ્ત્રોની આશ્ચર્યજનક માહિતી ●
યુદ્ધ '૭૧
ભારત-પાક સંગ્રામની સિલસિલાબંધ સત્યકથા
ફક્ત ૧૪ દિવસમાં
પાકિસ્તાનના જેણે
બે ટુકડા કરી નાખ્યા એ
૧૯૭૧ના ભારત-પાક યુદ્ધની સત્યકથાનું
નગેન્દ્ર વિજયની કલમે લખાયેલું
બેસ્ટ-સેલર પુસ્તક...
₹ 350/-
(પોસ્ટેજ ચાર્જ અલગ)
આજે જ www.harshalpublications.in પરથી ઓનલાઇન ખરીદો.

લશ્કરે સુરક્ષાત્મક રીતે જાળવવાના હતા. ઈશાન હિમાલયનો પ્રદેશ અંત્યત સંવેદનશીલ હતો. કારગિલનાં શિખરો પર ચડી આવેલા પાકિસ્તાનીઓ બરાબર નીચે શ્રીનગર-લેહ માર્ગ દેખી શકતા હતા. આ માર્ગ જો તેઓ કાપી નાખે તો લદાખ સાવ છૂટું પડી જાય તેમ હતું. અલબત્ત પાકિસ્તાની કબજાવાળા કાશ્મીર ખાતે ગિલગિટમાં તથા સ્કર્દુમાં રહેલી પાક બટાલિયનો ૫,૦૦૦ મીટર ઊંચા શિખરો પરથી આક્રમણ કરે તેવી શક્યતા બહુ ઓછી હતી. શિયાળુ તાપમાન શૂન્ય નીચે ૨૫° સેલ્શિયસ હતું અને હિમવર્ષા તો ચાલુ જ હતી. સિક્કિમનો ચો લા / Cho La નામનો ઘાટ પણ હિમની જમાવટને લીધે બંધ હતો. (લા = ઘાટ). આમ છતાં લદાખ સ્કાઉટ નામની ટુકડીના સેનાપતિની આગેવાની નીચે ભારતીય જવાનોએ શીતાગાર જેવા સંજોગોમાં પણ ૪,૫૦૦ મીટરે પહોરો રાખ્યો. ઉપરાંત દ્રાસમાં, કારગિલમાં અને લેહમાં બ્રિગેડિયર એમ. એલ. વ્હીગના / Whig નેતૃત્વ હેઠળ 121 Infantry Brigade તહેનાત હતી. ભારત એકદમ સર્તક હોવાનો સંકેત ચીન સુધી પહોંચે તે માટે તે બ્રિગેડની જમાવટને સમાચાર માધ્યમોમાં ખાસ્સી પ્રસિદ્ધિ આપવાનાં પગલાં લેવામાં આવ્યાં. પાકિસ્તાનની ૮૦ ચોકીઓ પૈકી ૩૬ ચોકીઓને બ્રિગેડે કબજે કરી લીધી. સફેદ હિમને લાલ રંગી નાખતા સંઘર્ષો પણ એટલી બધી વાર લડાયા કે ભારતના ૫૫ જવાનો શહીદ થયા, ૧૯૫ જખમી બન્યા અને ૨૮ જવાનોનો કદી પત્તો ન મળ્યો. હિમડંખને લીધે જેમણે તેમના પગના કે હથેળીના આંગળાઓ ગુમાવ્યા અગર તો જેમના નાકનો પણ હિમડંખ પામેલો કાળો ભાગ કાપી નાખવાનો થયો એવા જવાનોની સંખ્યા ૫૧૭ હતી. (સામી તરફ પાકિસ્તાનનાં ૧૧૪ સૈનિકો માર્યા ગયા અને ૨૨ સૈનિકોને ભારતે યુદ્ધકેદી બનાવ્યા.) સીમાડાના રક્ષણ માટે ભારતે આપવો પડેલો તે બહુ મોટો ભોગ હતો.



*બ્રિગેડિયર એમ. એલ. વ્હીગ કાશ્મીર-લદાખ ક્ષેત્રે સુરક્ષા વ્યવસ્થા સંભાળી રહ્યા હતા. જવાનોએ ત્યાં પણ ઘણો ભોગ આપ્યો.*

■

ડિસેમ્બર ૩-૪ ના રોજ યુદ્ધ શરૂ થયાને ૧૨મી તારીખ સુધીમાં હજી તો ૯ દિવસો વીતેલા, પણ ઢાકાના આર્મી હેડ્ક્વાટર્સમાં ફૌજી જુસ્સાને બદલે ગમગીની વ્યાપ્ત હતી. પાકિસ્તાન માટે ખેલ પૂરો થયાની વાસ્તવિકતા જનરલ નિયાઝીને દેખાવા માંડી હતી. ભારતની 2 Corps પશ્ચિમથી, 33 Corps ઉત્તરથી અને 34 Corps પૂર્વથી ઢાકા તરફ આગળ વધી રહી હતી અને બચવાનો એકમાત્ર માર્ગ કે જે કેટલાક દિવસો પહેલાં આશાસ્પદ દેખાતો હતો તેને પણ હવે ભારતનું વિમાનવાહક જહાજ *વિક્રાંત* નાકાબંધી કરી રહ્યું હતું.

યુદ્ધનો આરંભ થયો ત્યારે *વિક્રાંત*ના કેપ્ટન સ્વરાજ પ્રકાશને ઍડમિરલ નંદાએ વિમાની હુમલા બાબતે સૂચના આપેલી કે પૂર્વ પાકિસ્તાનના કિનારે અને નદી પર નજરે ચડતી બધી નૌકાઓને 'દેખો ત્યાં ઠાર કરો' નો નિયમ લાગુ પાડવો નહિ. જતે દહાડે સ્વતંત્ર થનાર પૂર્વ પાકિસ્તાનને નૌકાઓનો તોટો પડે એ સ્થિતિ ટાળવી જોઈએ. આમ છતાં જનરલ નિયાઝીએ એન્જિનવાળી દરેક નૌકાને પાક લશ્કર માટે કબજે લેવાનું ફરમાન જારી કર્યું, એટલે ઍડમિરલ નંદાએ *વિક્રાંત*ના કેપ્ટનને છૂટો દોર આપ્યો. *વિક્રાંત*નાં Sea Hawk તથા Alize પ્રકારનાં વિમાનોએ ત્યાર પછી બધી engine-powered નૌકાઓ પર વિનાશક રોકેટો અને તોપગોળા વરસાવ્યાં. ડિસેમ્બર ૧૨, ૧૯૭૧ના રોજ તો સવારે 6:00 વાગ્યે શુભારંભ બાદ Sea Hawk વિમાનોએ ૪-૪ ની ટુકડીમાં દિવસભર મચી પડીને કુલ ૨૯ વખત હુમલા કર્યાં. દરેક




*વિમાનવાહક જહાજ વિક્રાંતનું Alize વિમાન સબમરિન-કિલરની ભૂમિકા અદા કરવા માટેનું, પણ બાંગલાદેશમાં તેણે બોમ્બર તરીકે કામ આપ્યું.*

હુમલામાં દરેક પ્લેને નંગદીઠ ૨૨૭ કિલોગ્રામના ૨ બોમ્બ ફેંક્યા અને ભેગાભેગ ૨૭ કિલોગ્રામનાં ૨૦ રોકેટોનો મારો ચલાવ્યો. બપોર પછી 3:50 વાગ્યે આપણી *બ્રહ્મપુત્ર* તથા *બિઆસ* મનવારોએ ચિત્તાગોંગ બંદરગાહ પર અને તટવર્તી ઍરબેઝ પર ગોલંદાજી શરૂ કરી દીધી.

બ્રિટિશ બનાવટનું અને સિંગલ બેઠકનું Sea Hawk માત્ર દિવસે કામ લાગે, જ્યારે ત્રણ બેઠકોવાળું ફ્રેન્ચ Alize પ્લેન દિવાચર હતું તેમ નિશાચર પણ હતું. રેડાર ઑપરેટર તથા સેન્સર ઑપરેટર તથા પાઈલટ એમ ત્રણ જણા તેમાં બેસતા હતા. સિંગલ પ્રોપેલરનું તે પ્લેન યુદ્ધમાં તેની ભૂમિકા અનુસાર મૂળ તો એન્ટિ-સબમરિન હોવાને કારણે તેને લાંબા ટોરપિડો અથવા ૧૬૦ કિલોગ્રામના જળગોળા / depth charge વડે સજ્જ કરાય, પરંતુ શત્રુની એકમાત્ર સબમરિન *ગાઝી* નાશ પામી ચૂકી હતી. આથી Alize નો રૉલ બદલી નાખવામાં આવ્યો. જળગોળાની અવેજીમાં બોમ્બ પણ તેના પેટાળમાં ગોઠવી શકાતા હતા. ઉપરાંત 12.7 cm વ્યાસનાં ૬ રોકેટો હતાં. વિમાનવાહક *વિક્રાંત*માં Sea Hawk ની સંખ્યા ૧૮ હતી અને ફ્રેન્ચ Alize કુલ ૧૬ હતાં.

ઈન્દિરા ગાંધી સાથેની મસલતો દરમ્યાન અને ખાસ કરીને તેમની જ સૂચના મુજબ આપણા લશ્કરની ત્રણેય પાંખોના સૈનાપતિઓએ લશ્કરી વત્તા રાજકીય નેમ ગૂંથી હતી. નેમ તાર્કિક અને સ્પષ્ટ હતી. યુદ્ધવિરામ વખતે પશ્ચિમ પાકિસ્તાનના કબજામાં રહી ગયેલી ભારતભૂમિ પાછી મેળવવા પૂર્વ પાકિસ્તાનના મોરચે શક્ય એટલા વધુ પાક સૈનિકોને યુદ્ધકેદી તરીકે પકડી લેવાના હતા. લડાઈ પછી શાંતિમંત્રણા યોજાય ત્યારે એ સૈનિકોને છોડવવાના મુદ્દે પાક સરકાર જોડે સોદાબાજી કરી શકાય તેમ હતી.

એક સાધારણ ઘટના યુદ્ધની સ્થિતિને ભારત માટે વિપરીત રીતે બદલી નાખવા


*૧૯૬૬માં તાશ્કંદ કરાર વખતે શાસ્ત્રીજીએ છામ્બનો માંડ જીતાયેલો પ્રદેશ પાછો પાકિસ્તાનને આપ્યો તેની આકરી સજા જવાનો ૧૯૭૧માં વેઠી રહ્યા હતાં.*

માટે કારણભૂત બની. તારીખ એ જ હતી. (ડિસેમ્બર ૧૨). જમ્મુના છામ્બ ક્ષેત્રમાં ભારતીય સૈન્ય શત્રુના આક્રમણને ખાળી શકતું ન હતું. એકધારી પીછેહઠ કરવા ઉપરાંત ભારે ખુવારી પણ વેઠી રહ્યું હતું. આથી ઈસ્ટર્ન કમાન્ડના લેફ્ટનન્ટ-જનરલ જેકબે તોપખાનાની બે મિડિયમ રેજિમેન્ટને, T-55 રણગાડીઓની સંપૂર્ણ રેજિમેન્ટને તથા 123 Infantry Brigade ને તાત્કાલિક પશ્ચિમ તરફ રવાના કરી અને બ્રિગેડના જવાનોને ઇન્ડિયન ઍર લાઈન્સના બોઈંગ-737 દ્વારા રાતોરાત છામ્બ મોકલ્યા.

લડાઈ પછી જે હકીકત બહાર આવી તેના અનુસાર ઈન્દિરા ગાંધીની કેબિનેટમાં એકાદ મંત્રી અમેરિકાનો બાતમીદાર હતો. (આ વાત સેવાનિવૃત્ત મેજર-જનરલ જી. ડી. બક્ષીએ તથા બીજા અમુક રિટાયર્ડ અફસરોએ પણ તેમના પુસ્તકોમાં લખી છે.) ગુપ્ત ખબર વૉશિંગ્ટન પહોંચ્યા, એટલે શંકાશીલ મગજના પ્રમુખ રિચાર્ડ નિકસને માન્યું કે ભારત પૂર્વ પાકિસ્તાનની જેમ પશ્ચિમ પાકિસ્તાનને પણ નષ્ટ કરવા માગતું હતું. તત્પુરતી રીતે ભારતને કફોડી સ્થિતિમાં મૂકતી બીજી ઘટના પણ હતી. ઢાકાથી અંતે જે બ્રિટિશ તથા બીજા યુરોપી કર્મચારીઓ કલકત્તાના ડમ ડમ ઍરપોર્ટે પહોંચ્યા ત્યારે ત્યાં તેમને AN-12, Dakota, C-119 વગેરે સૈનિકવાહક પ્લેનનો પાર્ક થયેલો કાફલો જોવા મળ્યો. આથી તેમનો પણ દિમાગી ચરખો પ્રમુખ રિચાર્ડ નિકસનના શયતાની ચરખાની જેમ ફર્યો અને વાત ગાજી ઊઠી. અમેરિકા પાકિસ્તાનની મદદે આવી ન પહોંચે તે માટે ભારતે હવે બાંગલાદેશ ફ્રન્ટના યુદ્ધને ઓવરડ્રાઈવમાં નાખી વહેલામાં વહેલી તકે આટોપી લેવું પડે તેમ હતું.

એકાએક સમયનું મૂલ્ય અનેકગણું વધી જવા પામ્યું. ●


*ભારતીય તોપખાનાની T-55 ટેન્ક*